**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૭ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૨૨ ટકા

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'ક્લિક'..!!

સંકલન : સમીર રામી

## અઠવાડિયાંથી ભૂખ્યા ગલૂડિયાંને યુવાને નવજીવન બક્ષ્યું...!!





નોવેલ કોરોના વાઈરસ સંક્રમણને પગલે અમલમાં મૂકવામાં આવેલી લૉકડાઉનની સ્થિતિમાં શહેરના મોટા મોટા શોપીંગ સેન્ટરો સુમસામ પડયાં છે. શહેરના સેકટર-૧૧માં આવા જ એક સુમસામ શોપીંગ સેન્ટર હવેલી આર્કેડના પાંચમા માળે થોડા સમય પહેલા એક કૂતરીએ ૪ ગલૂડિયાંને જન્મ આપ્યો હતો. આ પછી લૉકડાઉન લાગી જતા અહીં બધાની અવરજવર બંધ થઈ ગઈ હતી. જો કે આ કોમ્પ્લેક્ષમાં ઓફિસ ધરાવતા જૈન યુવાન સ્નેહલ શાહને અચાનક આ કૂતરી અને તેના ગલૂડિયાં યાદ આવતાં લૉકડાઉન સ્થિતિમાં પણ ત્યાં પહોંચી ગયા અને કૂતરી તથા ગલૂડિયાંને સાથે લઈ ગયેલું દૂધ પીવડાવ્યું હતું. જો કે આ પગલું ભરાય તે પહેલા એક ગલૂડિયું તો રામશરણ પહોંચી ગયું હતું અને બાકીનાની હાલત પણ દયનીય હતી જેમને છેલ્લી ઘડીએ પોષણ મળી જતા તેમના જીવમાં જીવ આવ્યો હતો. સ્નેહલ શાહને પણ દૂધ પીને સ્વસ્થ થયેલા ગલૂડિયાં જોઈ આનંદ થયો હતો પરંતુ એક ગલૂડિયું મરી ગયું તેનો રંજ તેમના મનમાં ખટકાની જેમ ખૂંચી રહ્યો છે...!!




## વાવોલમાં 'ઉનાળાના અમૃત'ની વિતરણ સેવા અપાઈ

વાવોલ ખાતે કોરોના વાઈરસ સંદર્ભે લાદવામાં આવેલી લૉકડાઉનની સ્થિતિમાં જરૂરિયતામંદ પરિવારોને ઉનાળાનું અમૃત કહેવાતી છાશના વિતરણની સેવા આપવામાં આવી હતી. આ સેવા વાવોલના મૂળ વતની અને ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ ચેરમેન રાકેશભાઈ પટેલ દ્વારા પુરી પાડવામાં આવી હતી.





## સે-૩-ડી યુવક મિત્ર મંડળે ૨૦ કીટનું વિતરણ કર્યું

પાટનગરમાં લૉકડાઉનને ૧૧ દિવસ પુરા થઈ ગયા છે અને શહેરીજનો ઘરમાં પુરાઈને સહકાર આપી રહ્યા છે. આ સાથે શહેરના સેવાભાવી યુવા સ્વયંસેવકો જરૂરિયાતમંદ પરિવારોને ભોજન-સેવા, નાસ્તા-સેવા, અનાજ-કરિયાણાની કીટ વિતરણ વગેરે જેવા સેવા યજ્ઞ થકી યોગદાન આપી રહ્યા છે. શહેરના સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા પણ અનાજ-કરિયાણાની ૨૦૦ કીટ બનાવી તેનું શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ શ્રમિક પરિવારોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

# લૉકડાઉનની સ્થિતિમાં શાકમાર્કેટનો ટ્રેન્ડ ભુલાયો





ગાંધીનગર, તા.૫

સમગ્ર શહેર લોકડાઉનની પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે ત્યારે શહેરીજનોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ જલ્દીથી ઘરની બહાર નીકળી શકાતું નથી. દૂધ અને કરિયાણા સાથેની ચીજ વસ્તુઓની દુકાનો ખુલ્લી રાખવા માટેના સમય પણ નિશ્ચિત કરી દેવામાં આવ્યા છે ત્યારે પહેલાં જે શાકમાર્કેટનો ટ્રેન્ડ હતો તે ભુલાઈ ગયો છે. સેક્ટર-૨૧, ૨૪ અને ૭ ના માર્કેટમાં જઈ શાકભાજી સાથે અન્ય વસ્તુઓની ખરીદી કરવી તથા બહેનો પાણીપૂરી ખાઈ ને પાછી આવે તે હવે બની શકે તેમ નથી. કોરોના વાયરસના પહેલાના લીધે લૉકડાઉન આ પરિસ્થિતિમાં દરેક સેક્ટરમાં શાકભાજીની લારી ફરી રહી છે જેમાં માર્કેટના ભાવે જ ભાવે ફ્રેશ શાકભાજી શહેરીજનોને પ્રાપ્ત થઈ રહ્યા છે.

કોરોના ઈફેક્ટને લીધે શહેરીજનો ઘરની બહાર નીકળવા માટે પ્રતિબંધિત છે. દૂધ કે શાકની ખરીદી કરવા સિવાય ઘરની બહાર નીકળવાનું તેઓ ટાળી રહ્યા છે. એમાંય વળી ઘરમાંની એક જ વ્યક્તિ દ્વારા આ કાર્યભાર સંભાળાય છે. આ પરિસ્થિતિમાં ગાંધીનગર પોલીસ પણ અડગ રીતે શહેરમાં નજર રાખી રહી છે. આમ તેમ કોઈપણ કામ વિના કોઈ ઘરની બહાર નીકળતું નજરે ચડે તો યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. દરેક સેક્ટરના દૂધ પાર્લર સાથે કરિયાણાની દુકાનો સરકાર દ્વારા આપવામાં આવેલા નિશ્ચિત સમયે ખુલ્લી રહે છે અને ત્યાંથી સેક્ટરવાસીઓ ચીજવસ્તુઓ ખરીદી શકે છે. આ સાથે શાકભાજીની બાબતે દરેક સેક્ટરમાં શાકભાજીની લારીઓ ફરી રહી છે. આમ તો ઘણા સેક્ટરોમાં નિશ્ચિત દિવસે શાકભાજીવાળા શાક વેચવા આવતા પરંતુ આ લોકડાઉનને ધ્યાનમાં રાખીને શાકભાજીવાળા દરરોજ શાકભાજી વેચવા જાય છે. જે સેક્ટરમાં શાકભાજીવાળા આવતા ન હતા એ સેક્ટરોમાં પણ આ સ્થિતિમાં શાકભાજીવાળા શાક વેચવા જઈ રહ્યા છે. શાકભાજીની બે થી વધુ લારી સેક્ટરોમાં ચક્કર મારતી નજરે ચડે છે. જેને લીધે શહેરમાં શાકમાર્કેટનો ટ્રેન્ડ ભુલાઈ ગયો છે. શહેરીજનો ઘર આંગણેથીજ શાકભાજી ની સેઈફલી ખરીદી કરી રહ્યા છે અને આમ પણ જો ઘર આંગણે ફ્રેશ શાકભાજી માર્કેટના ભાવે જ મળતા હોય તો કોણ ખરીદી ન કરે?




કોરોના વાઈરસના પ્રકોપ સાથે શહેરમાં ગરમીનો પ્રકોપ પણ વધી રહ્યો છે ત્યારે નાના શ્રમજીવી બાળકો સાઈકલ પર પાણીના જગ અને ડ્રમ લઈને ઠંડુ પાણી ભરીને લઈ જઈ રહ્યા છે જેથી આ કાળઝાળ ગરમીમાં તેઓ અને તેમના ઘરનાને આ ગરમીમાં ઠંડુ પાણી મળી રહે.



કોરોના વાઈરસના લીધે શાળાઓ બંધ થતા વિદ્યાર્થીઓ ઘરમાં જ રહીને ભણવા-રમવા-કૂદવા સાથે મસ્તી કરીને પોતાના આ લૉકડાઉનના દિવસો પસાર કરી રહ્યા છે પણ લૉકડાઉનના લીધે ઘરમાં જ રહેતા બાળકો કંઈને કંઈક ક્રિએટીવીટી કરવામાં પણ વ્યસ્ત છે અને તેમનો દિવસ વિવિધ પ્રવૃત્તિઓ કરી પસાર કરી રહ્યા છે ત્યારે ત્રીજા ધોરણમાં ભણતી મુકતાએ વેસ્ટમાંથી બેસ્ટ રાષ્ટ્રધ્વજ બનાવી રાષ્ટ્રને અર્પણ કર્યો છે.





કોરોના વાયરસની લડત સંદર્ભે શિહોલી મોટી ગ્રામ પંચાયત દ્વારા આયુર્વેદિક ઉકાળો તૈયાર કરી ગ્રામજનોને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પહેલા આ કોરોનાનો કચ્ચરઘાણ કાઢ, પછી 'હરખ તું હિન્દુસ્તાન'..!!

## કોરોના વાઈરસ સામેની લડાઈમાં અત્યાર સુધી પ્રસંશનીય રહેલું ભારત હવે નિર્ણાયક તબક્કામાં : વિશ્વભરમાં ૩૦૦ કરોડ નાગરિકોને લૉકડાઉનમાં ધકેલનાર કોરોનાની 'ચેઈન' તોડવા 'સોશ્યલ ડિસ્ટન્સિંગ' જાળવી રાખવા સાથે રોગ પ્રતિકારકશકિત વધારતા રહો





ગાંધીનગર, તા.૫

વિશ્વભરમાં હાહાકાર મચાવનાર નોવેલ કોરોના વાઈરસ ભારતમાં હવે નિર્ણાયક સ્થિતિમાં પહોંચી ગયો છે. અત્યાર સુધી આ વાઈરસ આપણા દેશમાં સમયસર લાદવામાં આવેલા લૉકડાઉનને કારણે અંકુશમાં હતો પરંતુ દેશમાં હવે જે સ્થિતિ સર્જાઈ છે તેના કારણે આગામી દિવસોમાં કેવી સ્થિતિ સર્જશે તેની કલ્પના કરવી મુશ્કેલ બન્યું છે. જો આ પરિસ્થિતિમાં ભારતીય નાગરિકો 'સોશિયલ ડિસ્ટન્સિંગ'ને ગંભીરતાથી નહીં લે તો ઈટાલી-અમેરિકા કરતા પણ ભૂંડી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. દેશભરમાં કોરોના પોઝિટીવ દર્દીઓના પ્રમાણમાં કોરોનાથી મૃત્યુ પામતા દર્દીઓનું પ્રમાણ વિકસિત ગુજરાતમાં અન્ય રાજયો કરતાં ચિંતાજનક સ્થિતિએ છે ત્યારે રાજયના પાટનગરમાં પણ જયાં કદાચ સૌથી વધુ શિક્ષિત નાગરિકો જેમાં ખૂબ મોટો વર્ગ સરકારી વ્યવસ્થા તંત્ર સાથે સંકળાયેલો વસવાટ કરી રહ્યો છે તેમને પણ જો લૉકડાઉન પાળવા માટે પોલીસનો ચોકી પહેરો મુકવો પડે તો આ તબક્કે તે શરમજનક સ્થિતિ કહેવાય તેમાં મીનમેખ નથી.

આજે સમગ્ર વિશ્વના આશરે ૩૦૦ કરોડ નાગરિકો લૉકડાઉનમાં છે, વિશ્વમાં અંદાજે ૧૧ લાખ વ્યકિતઓને કોરોનાનો ચેપ લાગી ચુકયો છે જેમાંથી ૬૦ હજાર જેટલાં દર્દી મોતને ભેટી ચુકયા છે. એક દિવસમાં કોરોનાના ૮૦ હજાર જેટલાં દર્દીઓ ઉમેરાઈ રહ્યા છે. ભારતમાં પણ કોરોના પોઝિટીવ દર્દીઓની સંખ્યા ૩૫૦૦ને પાર થવા આવી પહોંચી છે, દરરોજ હવે સાડા ચારસોથી વધુ નવા દર્દી ઉમેરાય તેવી સ્થિતિએ દેશ પહોંચ્યો છે અને ૮૦ જેટલા દર્દીઓ પોતાનો જીવ ગુમાવી ચુકયા છે. ગુજરાતમાં પણ કોરોના પોઝિટીવ દર્દીઓની સંખ્યા સવાસો સુધી પહોંચી છે. જેમાં ડઝનેક દર્દીઓ જીવ ગુમાવી ચુકયા છે. જો કે દુનિયામાં કેન્સર, ટીબી, મેલેરિયા કે અકસ્માતથી જીવ ગુમાવતા નાગરિકોની રોજિંદી સરેરાશ કરતા હજુ પણ કોરોનાને કારણે થતો મૃત્યુ આંક ખૂબ ઓછો એટલે કે પાંચ ટકાથી પણ નીચે છે પરંતુ જયાં સુધી કોરોના વાઈરસના સંક્રમણની ચેઈનને તોડવામાં ના આવે ત્યાં સુધી તેને અટકાવવો મુશ્કેલ છે અને તેની ઝડપ ગુણોત્તરમાં વધતી જાય છે, વળી, કોરોના પોઝિટીવ દર્દીની માંદગીની દર્દીના શરીરમાં ફેલાવાની ઝડપ અચાનક ખૂબ વધી જાય છે, શરૂઆતના તબક્કામાં આ વાઈરસ દર્દીને ખબર પડવા દેતો નથી કે તેના શરીરમાં પ્રવેશી ચુકયો છે પરંતુ જયારે ખબર પડે છે ત્યારે તે તેના મૂળિયાં જમાવી ચુકયો હોય છે. યુનિવર્સિટી કોલેજ લંડનના ઈન્ટેન્સિવ કેર મેડિસિનના પ્રોફેસર ડૉ. હ્યુ મોન્ટ ગોમહરીના કહેવા મુજબ કોવિદ-૧૯નું સંક્રમણ ૧ થી ૩ વ્યકિતમાં થઈ શકે છે અને તે જો ૧૦ના સ્તરમાં આગળ વધે તો ૧ થી ૩, ૩ થી ૯, ૯ થી ૨૭, ૨૭ થી ૮૧, ૮૧ થી ૨૪૩, ૨૪૩ થી ૭૨૯, ૭૨૯ થી ૨૧૮૭, ૨૧૮૭ થી ૬૫૬૧, ૬૫૬૧ થી ૧૯૬૮૩ અને ૧૯૬૮૩ થી ૫૯૦૪૯ વ્યકિતઓ સુધી પ્રસરી શકે છે, મતબલ કે એક સંક્રમિત નાગરિક ૫૯ હજાર જેટલાં નાગરિકોને સંક્રમિત કરી શકે છે.





આ પરિસ્થિતિમાં ભારતના વડાપ્રધાને અત્યાર સુધી ભારતીયો સાથે કરેલા સંવાદ અનુસાર આ સંક્રમણની ચેઈન તોડવાનો એક માત્ર ઈલાજ સોશ્યલ ડિસ્ટન્સિંગ છે જે વિશ્વ આરોગ્ય સંસ્થાએ સૂચવ્યો છે. શરૂઆતમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ જે ત્રણ ફૂટનું અંતર સૂચવ્યું હતું તેમાં પણ હવે તેનો મત બદલાઈ રહ્યો છે અને એક સંક્રમિત દર્દીની ઉધરસ કે છીંકથી વાઈરસ ૬ ફુટ સુધી દૂર ફેંકાઈ શકે છે. એટલે હવે સોશિયલ ડિસ્ટન્સિંગમાં સલામત અંતર ૮ ફુટ રાખવાનું સૂચન કરવામાં આવી રહ્યું છે. હવે તો કોરોના પોઝિટીવ દર્દીઓને તેમજ તેમના સંપર્કમાં આવેલ વ્યકિતઓને જેટલી ઝડપથી અન્યો કરતા અલગ રાખવામાં આવે અને આઈસોલેશનના સ્ટાન્ડર્ડ નોર્મ્સનું પાલન કરવામાં આવે તે અત્યંત જરુરી છે જે નાગરિકોના સહકાર વગર શકય નથી.

ભારત પાસે બીજો આશાવાદ આયુર્વેદ છે જે કોરોનાને મટાડવાની તો ગેરંટી નથી આપતું પરંતુ કોરોના સામે લડવા દર્દીને જરૂરી મહત્વનું એકમાત્ર શસ્ત્ર જે છે તો રોગપ્રતિકારક શકિતને વધારવામાં જરૂર મદદરુપ થઈ શકે છે. હવે ભારત અત્યંત નિર્ણાયક તબક્કામાં પહોંચી ચુકયું છે અને નોવેલ કોરોનાને હટાવવા ભારતે ચીન-સિંગાપોરના મોડેલને અપનાવવું જરુરી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ચેરમેન ડૉ. ટ્રે ડોસ અત્યાર સુધીની ભારતની લડાઈની પ્રસંશા કરી ચુકયા છે તેમજ પોલિયોને પરાજય આપનાર ભારતની હિંમત વધારવા સાથે સાવધાન રહેવાની તાકીદ પણ કરી રહ્યાં છે. હવે, આ રમતને જીતવી માત્ર અને માત્ર આપણા સૌના હાથમાં છે, આવો આપણે સૌ એકબીજાથી દૂર રહી, ઘરમાં બેસીને કાળમુખા કોરોનાનો કચ્ચરઘાણ કાઢી નાંખીએ. જય હિન્દ.

**પ્રતિભાવો આવકાર્ય :**
samirtalod@yahoo.com